# ૧૭ નિર્ભયાષ્ટક શ્લોક-૧

યસ્ય નાસ્તિ પરાપેક્ષા, સ્વભાવાદ્વૈતગામિનઃ
તસ્ય કિં નુ ભયભ્રાન્તિ, - ક્લાન્તિસન્તાનતાનવમ્ ॥૧॥

શબ્દાર્થ:
યસ્ય = જેને, નાસ્તિ = નથી, પરાપેક્ષા = બીજાની અપેક્ષા; સ્વભાવાદ્વૈતગામિનઃ = સ્વભાવના અદ્વૈત (એકત્વ)ને પ્રાપ્ત થનારા. તસ્ય = તેને. કિં નુ = કેમ ન હોય ?; ભયભ્રાન્તિ = ભયની ભ્રાંતિ; ક્લાન્તિ = ખેદ; સન્તાન = પરંપરા; તાનવમ્ = અલ્પતા

શ્લોકાર્થ: જેને પરની અપેક્ષા નથી અને સ્વભાવદશામાં જ રહેનારા છે તેને ભય, ભ્રાન્તિ (ભ્રમ) અને ક્લાન્તિ (ખેદ)ની પરંપરાનો વિસ્તાર શું હોય? (અર્થાત્ ન હોય).

ભાવાર્થ: દુનિયામાં કૌટુંબિક, સામાજિક વગેરે પરસ્પર વ્યવહાર એટલો બધો છે કે જ્યાં સ્વાર્થનું ઘર્ષણ ઊભું થયું ત્યાં રાગ-દ્વેષ, ખટપટ વધે છે. પરસ્પર વેરભાવ વધે છે, એની સાથે ભય પણ ઊભો થાય છે. આના મૂળમાં પરપદાર્થની અપેક્ષા છે અને પરાધીનતા છે.

જે મહાત્માને પર પદાર્થની અપેક્ષા નથી, પરાધીનતા નથી, મનથી પણ અપેક્ષા-આશા રાખતા નથી. ભોજન-પાણી, રહેણી-કરણીની કોઈ વસ્તુ મળી તો પણ શું? અને ન મળી તો પણ શું? કોઈએ આવકાર, માન-સન્માન આપ્યું તો પણ શું? અને ન આપ્યું તો પણ શું? મહાત્મા સર્વથા પરથી નિર્લેપ અને નિઃસ્પૃહ છે. તેઓ સ્વભાવના અદ્વૈતની (એકતાની) લગનીવાળા છે, આત્માના શુદ્ધ સ્વરૂપમાં જ લયલીન રહેનારા છે એ મહાત્માઓને ભય, ભ્રમ અને ખેદનો વિસ્તાર આ ત્રણે દોષો તરફથી થતો પરાભવ કેમ હોય? અર્થાત્ ન જ હોય.

જો પરની જ અપેક્ષા નથી તો પછી ભય-ત્રાસ કેમ હોય? એવી રીતે ભ્રાન્તિ એટલે ભ્રમ પણ ન જ હોય.

દાખલા તરીકે કોઈ યુવક-યુવતિ પરસ્પર ગાઢ પ્રેમમાં હોય, એકબીજા વગર રહી ન શકતા હોય અને અચાનક છૂટા પડવાનો વખત આવે તો જ્યાં ત્યાં પોતાનું પ્રેમ પાત્ર દેખાય છે એવો ભ્રમ થાય છે, ગાંડાની જેમ - બેબાકળા-ની જેમ ભટકે છે.

પરંતુ મહાત્માઓને આવા પ્રકારની કોઈપણ પરદ્રવ્યની અપેક્ષા જ નથી તેથી ત્યાં આવો ભ્રમ હોતો નથી.

જેને પરદ્રવ્યની અપેક્ષા હોય તેને તે પદાર્થોની રાહ જોતાં ઘણો સમય વીતી જાય ત્યારે ક્લાન્તિ એટલે <u>ખેદ</u> થાય છે. પરંતુ પરથી નિસ્પૃહ આત્માને આવું કંઈ થતું નથી. આ રીતે નિઃસ્પૃહી આત્માઓ ભય, ભ્રમ અને ખેદ વિનાના હોય છે.

ટૂંકમાં જે દીક્ષા લઈ મુનિ બને છે તેમને ઘર સંતતિ, સંપત્તિ, સંબંધો, સગાઓ, સાધનો, બધું જ છોડી દીધું હોય છે. બીજા નુકશાન પહોંચાડી શકે એવું એમની પાસે કશું નથી અને તેઓને બીજા પાસેથી કશી અપેક્ષા નથી. તેઓ પોતાની સાધનામાં લીન હોય છે. તેઓ પોતાના સ્વભાવમાં લીન રહે છે. આ એવી મસ્તી છે કે જે કોઈ ઝૂંટવી શકે તેમ નથી.

એટલે તેઓને કોઈ <u>ભય</u> હોતો નથી, ભયની <u>ભ્રાંતિ</u> હોતી નથી કે ખેદ હોતો નથી. પરપદાર્થ પ્રત્યેનો ગ્રહણ-સંરક્ષણનો પરિણામ જ ન હોવાથી ભય, ભ્રમ કે ખેદ કેમ હોય? અર્થાત્ ન જ હોય.

## ૧૭: નિર્ભયાષ્ટક: શ્લોક - ૨

ભવસૌખ્યેન કિં ભૂરિ, - ભયજ્વલનભસ્મના
સદા ભયોજ્ઝિત જ્ઞાન, - સુખમેવ વિશિષ્યતે ||૨૧||

**શબ્દાર્થ:** ભવસૌખ્યેન = સંસારના સુખથી; કિં = શું; ભૂરિ = ઘણા; ભયજ્વલન = ભયરૂપ અગ્નિથી; ભસ્મના = ભસ્મ કરેલા, સદા = હંમેશા, ભયોજ્ઝિત = ભયરહિત, જ્ઞાનસુખમેવ = જ્ઞાન સુખ જ. વિશિષ્યતે = સર્વથી અધિક છે, સર્વાધિક છે.

**શ્લોકાર્થ:** ઘણા ભયરૂપ અગ્નિથી ભસ્મીભૂત કરેલા સંસારના સુખોથી શું (પ્રયોજન છે)? હંમેશા ભયરહિત જ્ઞાનસુખ જ સર્વાધિક છે.

**ભાવાર્થ:** અહીં ભયને અગ્નિની ઉપમા આપી છે. સંસારના બધા સુખો રાખથી વિશેષ નથી, કારણ કે સંસારના સુખો ભયના અગ્નિથી બળેલા છે. સંસારી સુખમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું આકર્ષણ છે. તેનાથી કર્મબંધ છે. અને તે કર્મો ભોગવવા પડે છે.

ધનની વૃદ્ધિને આપણે સુખ કહીએ છીએ પરંતુ તેની પાછળ ઇન્કમટેક્ષનો ભય, ચોરોનો ભય, ભાગીદારોનો ભય, કુટુંબનો ભય આમ ઘણી રીતે એક સુખની પાછળ અનેક દુઃખોની પરંપરા લાગેલી હોય છે.

લગ્નનું ઘડીભરનું સુખ અનેક દુઃખોની પરંપરા સર્જે છે. બાળકોનો જન્મ, ઉછેર, ભરણ-પોષણ, અભ્યાસની ચિંતા, પરણાવવાની ચિંતા આમ દુઃખોની વણઝાર ઊભી થાય છે. આમ એક સુખ, અનેક દુઃખો રૂપી અગ્નિથી દાઝેલું છે.

**શંકા:** જો સંસારનું સુખ ઘણા ભયો રૂપી અગ્નિથી દાઝેલું છે તો એવું કયું સુખ છે જે સુખમાં ભય ન હોય? કેવલ સુખ જ હોય?

**સમાધાન:** આત્મજ્ઞાન રૂપી સુખ એ પ્રકારનું છે કે જેમાં કોઈ પણ પ્રકારનો ભય ત્રણે કાળમાં હોતો નથી. આ આત્મસુખ વહેંચવામાં અડધું (Half) નથી થતું પણ બમણું (Double) થાય છે.

આપણે ધર્મક્રિયા કરીએ છીએ પણ આત્મગુણોમાં રમણતા કેળવતાં નથી. ધર્મક્રિયાથી પુણ્ય મળે છે.

પુણ્યનું કામ પુદ્ગલો આપવાનું છે. ધન, મકાન, સારા વસ્ત્રો, સારું ફરનીચર આપશે જે પુદ્ગલો જ છે. પુણ્ય એ અઘાતી કર્મની પ્રકૃતિ છે. તેનાથી આત્માને શું લાભ ?

ઘાતી કર્મ દ્વારા ક્ષયોપશમભાવ આવવો જોઈએ. તે દ્વારા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય ગુણની પ્રાપ્તિ થશે. વીર્યનું શું કામ ? એક જ સમયમાં બધા આત્મપ્રદેશોમાં જ્ઞાનાદિ ગુણો ફેલાવવાનું.

શરીર એ કર્મસત્તાએ આપેલું ભાડાનું ઘર છે. સ્વાધ્યાય એ આપણો <u>પ્રાણ</u> છે. જ્ઞાનગુણ જપમાં એકાગ્ર થઈ શકે છે જેમાં <u>ઘણાં</u> કર્મો ખપે છે. બીજા ગુણોમાં આટલી એકાગ્રતા આવતી નથી.

તામલી તાપસે ૬૦,૦૦૦ વર્ષ સુધી તપ કર્યાં પણ તે તપ લગભગ નિષ્ફળ ગયો કારણ કે ~~સમક~~ સમ્યગ્જ્ઞાન નહોતું. પછી તે સ. દર્શન પામ્યા. પછી જે સાધના કરી તેમાં ઈશાન દેવલોકના ઈન્દ્ર બની ગયા.

નિર્ભયતા પ્રાપ્ત કરવા માટે જ્ઞાનગુણ જરૂરી છે.

૧૭ નિર્ભયાષ્ટક: શ્લોક-૩

न गोप्यं क्वापि नारोप्यं, हेयं देयं च न क्वचित् ।
क्व भयेन मुनेः स्थेयं, ज्ञेयं ज्ञानेन पश्यतः ॥३॥

**શબ્દાર્થ:**
ન ગોપ્યં = છુપાવવા જેવું નહિ; ક્વાપિ = ક્યાંય પણ;
ન આરોપ્યં = મૂકવા યોગ્ય નહિ; હેયં = છોડવા યોગ્ય;
દેયં = દેવા યોગ્ય; ચ = અને; ન = નહિ; ક્વચિત = ક્યાંય;
ક્વ = ક્યાં; ભયેન = ભયથી; મુનેઃ = મુનિનો; સ્થેયં = રહેવા
યોગ્ય; જ્ઞેયં = જાણવા યોગ્ય; જ્ઞાનેન = જ્ઞાન વડે, સ્વાનુભવ વડે;
પશ્યતઃ = જોતા

**શ્લોકાર્થ:**
જાણવા યોગ્ય તત્ત્વને સ્વાનુભવ વડે જોતા મુનિને ક્યાંય પણ છુપાવવા યોગ્ય નહિ, ક્યાંય છોડવા યોગ્ય નહિ કે દેવા યોગ્ય નહિ, તો ભયથી ક્યાં રહેવા યોગ્ય છે? અર્થાત્ મુનિને ક્યાંય ભય નહિ.

**ભાવાર્થ:** મુનિને કોઈપણ જાતનો ભય હોતો નથી. કોઈ પકડી જશે, લૂંટી જશે, મારી જશે, ખાઈ જશે વગેરે પ્રકારનો ભય તેમને હોતો નથી. મુનિનો નિર્ભય રહેવાના ત્રણ મુખ્ય કારણ છે:

(૧) તેમને કંઈ છુપાવવા જેવું હોતું નથી. તેમનું જીવન કાચ જેવું પારદર્શક છે. એમની પાસે માત્ર એમનું જ્ઞાન છે. એ પણ છુપાવવા તેઓ ઇચ્છતા નથી.

(૨) તેમની પાસે કોઈ ચીજ વસ્તુ સાચવવા માટે અથવા છૂપી રીતે રાખી મૂકવા યોગ્ય કશું હોતું નથી. તેમની પાસે માત્ર તેમનું જ્ઞાન, તેમનું ચારિત્ર, તેમનું નિર્મળ, પારદર્શક જીવન હોય છે.

(૩) તેમની પાસે છોડી દેવા જેવું કે આપી દેવા જેવું કશું હોતું નથી. તેમણે છોડી દેવા યોગ્ય બધા પર-ભાવોને છોડી દીધા છે એટલે હવે તેમની પાસે કશું છોડી દેવાનું રહેતું નથી.

મુનિ જાણવા યોગ્ય વસ્તુને પોતાના જ્ઞાન વડે જાણે છે. તેઓ સ્વ-પર પદાર્થને પોતાના અનુભવ વડે જાણે છે.

વળી પોતાના આત્મસ્વરૂપનું રક્ષણ કરવા પોતે જ સમર્થ હોય છે.
એટલે મુનિને ભયનું કોઈ કારણ નથી.

<u>શંકા</u>: આ શ્લોકમાં કહ્યું કે <u>જાણવા યોગ્ય તત્ત્વને</u>, સ્વાનુભવ વડે જોતાં મુનિને ક્યાંય પણ <u>છુપાવવા</u> યોગ્ય નથી.
જાણવા યોગ્ય તત્ત્વ એટલે શું? ~~સ્વાનુભ~~ સ્વાનુભવ વડે જોવું એટલે શું?

<u>સમાધાન</u>: જાણવા યોગ્ય તત્ત્વ એટલે જીવ અને અજીવ.
જીવમાં જીવપણાને જોવું એ તત્ત્વ છે. અજીવમાં અજીવપણાને જોવું એ તત્ત્વ છે. મુનિ, જગતના બધા જીવોને એક જ પ્રકારથી જુએ છે કે બધા જ જીવો અનંત ગુણવાળા છે.

સ્વાનુભવ વડે જોવું એટલે જીવને જીવસ્વરૂપે જાણવું.
બીજા જીવનો જેવો આત્મા છે તેવો પોતાનો આત્મા છે, બીજાનું દુઃખ તે પોતાનું દુઃખ સમજે છે.
૧૮ પાપસ્થાનકો અને પાંચ આશ્રવો છોડવા યોગ્ય હતાં તે છોડીને મુનિ બેઠા છે, હવે છોડવાનું શું બાકી રહ્યું?

મુનિની નિંદ્રા આપણી જેમ ગાઢ નિંદ્રા નથી. પડખું ફેરવે તો પણ પ્રમાર્જના કરે છે. તેમની નિંદ્રા એ તંદ્રા કહેવાય છે.
સંસારમાં મુનિ સર્વથા નિર્ભય હોય છે, કારણ કે તેઓ દેહભાવથી પર છે. તેમને મૃત્યુનો પણ ભય હોતો નથી.
મેતારજ મુનિ, ગજસુકુમાલ મુનિ, ઝાંઝરિયા મુનિ...
મરણાન્ત ઉપસર્ગ વખતે પણ ડર્યા નથી.

એકં બ્રહ્માસ્ત્રમાદાય, નિઘ્નન્ મોહચમૂં મુનિ:
બિભેતિ નૈવ સંગ્રામ-શીર્ષસ્થ ઇવ નાગરાટ્ ॥૭॥

શબ્દાર્થ: એકં = એક, બ્રહ્માસ્ત્રં = બ્રહ્માસ્ત્રને, પરમાત્મસ્વરૂપ જ્ઞાનરૂપી શસ્ત્રને, આદાય = ધારણ કરીને, નિઘ્નન્ = હણતા, મોહચમૂં = મોહરૂપી લશ્કરને, મુનિ: = મુનિ, બિભેતિ = ભય પામે છે, ન = નહીં, ઇવ = જેમ, સંગ્રામ = સંગ્રામ, શીર્ષસ્થ = મોખરે રહેલા, ઇવ = જેમ, નાગરાટ્ = ઉત્તમ હાથી

શ્લોકાર્થ: એક બ્રહ્માસ્ત્ર (પરમાત્મસ્વરૂપ જ્ઞાનરૂપી શસ્ત્ર) ને ધારણ કરીને મોહરૂપી લશ્કરને હણતા મુનિ, સંગ્રામમાં મોખરે રહેલા ઉત્તમ હાથીની જેમ ભય પામતા નથી.

ભાવાર્થ: સમસ્ત જગત ઉપર મોહરાજાનું સામ્રાજ્ય ચાલે છે. મોહરાજા સામે કોઈ બળવો પોકારે કે તરત મોહરાજા પોતાના સૈન્યને મોકલી તેને હરાવી દે છે.

શંકા: મોહરાજાના સૈન્યમાં સેનાપતિઓ કોણ છે?
સમાધાન: મોહરાજાના સેનાપતિઓ છે સ્વાર્થ, લોભ, આલસ્ય, કામવાસના, અભિમાન, ક્રોધ, માન, માયા, લોભ, ઈર્ષ્યા, નિંદા, અસત્ય વગેરે. એમાં મિથ્યાત્વ નામનો સેનાપતિ અતિશય બળવાન છે.

શંકા: તો શું મોહરાજા પરાજિત થાય જ નહિ?
સમાધાન: ના, એવું નથી. અનાદિકાળથી કેટલાય મહાત્માઓએ મોહરાજાને પરાજિત કરી દીધા છે. એમને પરાજિત કરવા માટે એમના કરતાં પણ વધારે તીક્ષ્ણ શસ્ત્રો જોઈએ.

પ્રાચીન કાળમાં ભૂમિ યુદ્ધ હતું. નૌકાયુદ્ધ કે હવાઈયુદ્ધ નહોતા. ભૂમિ યુદ્ધમાં જેની પાસે મોટી હસ્તિ સેના હોય અને એમાં જોરાવર મોટા હાથી હોય એ રાજા વિજયી થાય. પાયદળ અને અશ્વદળ કામ લાગતાં, પણ રણભૂમિમાં જો હાથીઓ (હસ્તિ સેના) દોડાદોડી કરી દીધી પછી બધા ભયથી ભાગે.

તાલીમ પામેલો (Trained) હાથી પરાક્રમ કરે ત્યારે પાયદળનો કચ્ચરઘાણ નીકળે. એ હાથીઓ એવી શક્તિ હોય કે ઝડપથી દોડીને પોતાના ગંડસ્થળથી દુશ્મનના કિલ્લાના દરવાજા તોડી નાંખે.

જે સેનાપતિ પાસે મંત્રેલું શસ્ત્ર હોય તેને કોઈ હરાવી ન શકે. મોહરાજા સાથેના યુદ્ધમાં મુનિ પાસે "બ્રહ્માસ્ત્ર" છે. બ્રહ્માએ આપેલું શસ્ત્ર તે બ્રહ્માસ્ત્ર એવી લોકોક્તિ છે.

બ્રહ્મ એટલે આત્મજ્ઞાન — આત્માના સ્વરૂપનો બોધ. અનંતગુણવાળા એવા આત્માની શુદ્ધ દશાના બોધમાં જ એકાગ્રતા, તેને પણ બ્રહ્મ કહેવાય.

જે હાથી ઉપર બેસનારા રાજા પાસે બ્રહ્માએ આપેલું બ્રહ્માસ્ત્ર હોય તે રાજાને લઈને સામેના શત્રુ રાજાની સાથે યુદ્ધ ખેલવામાં જેમ ગજરાજ ભય પામતો નથી તેમ જે મુનિ મહારાજા પાસે આત્મતત્ત્વના સ્વરૂપનું ભાન — એટલે કે આત્મતત્ત્વની રમણતારૂપ બ્રહ્માસ્ત્રનું અસ્તિત્વ છે તે મુનિરાજ ભય પામતા નથી.

૧૭: નિર્ભયાષ્ટક શ્લોક-૫

મયૂરી જ્ઞાનદૃષ્ટિશ્ચેત્, પ્રસર્પતિ મનોવને
વેષ્ટનં ભયસર્પાણાં, ન તદાનન્દચન્દને ॥૫॥

**શબ્દાર્થ:** મયૂરી = મયૂરી, ઢેલ, જ્ઞાનદૃષ્ટિઃ = જ્ઞાનની દૃષ્ટિરૂપ; ચેત્ = જો; પ્રસર્પતિ = વિચરે છે, મનોવને = મનરૂપી વનમાં; વેષ્ટનં = વીંટાવું; ભયસર્પાણાં = ભયરૂપી સર્પોનું; ન = નહીં; તદા = તો; આનન્દચન્દને = આનંદ રૂપી ચંદનના વૃક્ષમાં

**શ્લોકાર્થ:** જો મનરૂપી વનમાં આત્મજ્ઞાનની દૃષ્ટિરૂપી મયૂરી વિચરે છે તો આનંદરૂપી ચંદનના વૃક્ષમાં ભયરૂપી સર્પોનું વીંટાવું હોતું નથી.

**ભાવાર્થ:** જ્ઞાની હંમેશા નિર્ભય હોય છે. જ્ઞાની પાસે ભય આવતો નથી કે આવી શકતો નથી. જ્ઞાની જ્યાં જાય ત્યાં નિર્ભયતાનું વાતાવરણ સર્જાય છે. એમ થવાનું કારણ એમની પાસેની નિર્મળ જ્ઞાનદૃષ્ટિ છે.

આ સમજાવવા માટે પૂજ્ય ઉપાધ્યાયજી ઉપવન, બાવનાચંદન, મયૂરી અને સર્પનું રૂપક (Example) કરે છે.

મયૂરી = જ્ઞાનદૃષ્ટિ, ઉપવન = મન, સર્પ = ભય, આનંદ = બાવના ચંદનનું વૃક્ષ.

ઝેરી સાપ કરડે તો માણસ કે પશુનું મૃત્યુ થાય છે. પરંતુ આવા ભયંકર સર્પનો મોર, નોળિયો, સમડી વગેરેનો ભય હોય છે. તેઓ સાપને મારી નાંખે છે. સાપને ચંદનના વૃક્ષની સુગંધ અત્યંત પ્રિય હોય છે. એમાં પણ મઘમઘતા બાવના ચંદનનું વૃક્ષ હોય તો તેમાંથી મળતી સુગંધ અને ઠંડકના કારણે ચંદનના વૃક્ષને વીંટળાઈને રહે છે. જો મોર અથવા ઢેલ (મયૂરી) ટહુકો કરે તો બધા સર્પો ત્યાંથી ભાગી જાય છે.

ચિત્તરૂપી ઉપવનમાં જો મયૂરીરૂપી જ્ઞાનદૃષ્ટિ હોય તો સર્પરૂપી ભય ચાલ્યો જાય છે અને ચંદનરૂપી આનંદ પ્રસરે છે.

જ્ઞાનદૃષ્ટિ એટલે સ્વભાવ અને પરભાવનો વિવેક કરનારી દૃષ્ટિ અર્થાત્ સ્વભાવમાં રમણ કરનારી દૃષ્ટિ. જ્યાં આવી રમણતા હોય ત્યાં પરપદાર્થની અપેક્ષા ન હોય. ત્યાં માત્ર નિર્ભયતા જ વર્તે છે. "રોગના કારણો પાપકર્મ છે" એમ કહી પાપકર્મોને દૂર કરવાનો પુરુષાર્થ કરાવે છે.

૧૭ નિર્ભયાષ્ટક     શ્લોક - ૬

કૃતમોહાસ્ત્રવૈફલ્યં જ્ઞાનવર્મ બિભર્તિ યઃ
ક્વ ભીસ્તસ્ય ક્વ વા ભંગ, કર્મસંગરકેલિષુ ॥૬॥

<u>શબ્દાર્થ</u>: કૃત = કર્યું છે, મોહાસ્ત્ર = મોહરૂપી અસ્ત્ર, વૈફલ્યં = નિષ્ફળપણું, જ્ઞાનવર્મ = જ્ઞાનરૂપી બખ્તર, બિભર્તિ = ધારણ કરે છે, યઃ = જે, ક્વ = ક્યાંથી હોય, વા = અથવા, ભંગ = પરાજય, કર્મસંગર = કર્મના સંગ્રામની, કેલિષુ = ક્રીડામાં

<u>શ્લોકાર્થ</u>: કર્મરૂપી સંગ્રામની ક્રીડામાં મોહરૂપી શસ્ત્રને નિષ્ફળ કરનાર જ્ઞાનરૂપી બખ્તર જે ધારણ કરે છે તેને ક્યાંથી ભય હોય અથવા પરાજય ક્યાંથી હોય ?

<u>ભાવાર્થ</u>: મુનિની નિર્ભયતા અહીં યુદ્ધના રૂપકથી બતાવી છે. કર્મ સાથેના યુદ્ધની વાત છે. આઠ પ્રકારના કર્મોમાં ચાર ઘાતી કર્મો છે જે આત્માને નિર્બળ બનાવે છે કારણ તે આત્માના ગુણોનો ઘાત કરે છે. ઘાતી કર્મોમાં સૌથી બળવાન મોહનીય કર્મ છે. મોહનીય કર્મની સેનાના બે ભાગ છે - દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય.

મોટા મોટા મુનિવરો મોહનીયના હુમલાની સામે પડી જાય છે. પરંતુ જો જ્ઞાનરૂપી બખ્તર (Like Bullet proof Jacket) પહેર્યું હોય તો ગમે તેવાં તીક્ષ્ણ બાણ, ભાલા કે તલવાર, બખ્તરને ભેદીને છાતીમાં ઘૂસી ન શકે. મોહરાજા પાસે પોતાના ભાથામાં વિવિધ બાણો છે. એમાં સૌથી વધુ તીક્ષ્ણ અને મજબૂત બાણ તે કામરાગનું, અર્થાત્ વિષયવાસનાનું છે. જે મુનિએ બખ્તર પહેર્યું હોય છે તેઓ નિર્ભય બની જાય છે. સ્થૂલિભદ્રજીએ બખ્તર પહેરેલું, જેથી કોશાના કામરાગ અને વિષયવાસનાના બાણ કંઈ અસર ન કરી શક્યા.

આત્મસ્વરૂપના આનંદનો અનુભવ કરનારા મહાત્માઓ કર્મોની સાથે યુદ્ધ ખેલવાની ક્રીડા કરવામાં આવે અર્થાત્ કર્મોનો ક્ષય કરવા રૂપ યુદ્ધક્રીડામાં ભય ક્યાંથી હોય? અને પરાજય પણ ક્યાંથી હોય ?

આવું બખ્તર કામવાસના પરવશતા, ઇન્દ્રિય પરવશતા કે કષાય પરવશતાથી સરકી ન પડે એવી સાવધાની જો જ્ઞાની રાખે તો નિર્ભય બની શકે છે.

૧૭ નિર્ભયાષ્ટક   શ્લોક - ૭

તૂલવલ્લઘવો મૂઢા, ભ્રમન્ત્યભ્રે ભયાનિલૈ:
નૈકં રોમાપિ તૈર્જ્ઞાન, ગરિષ્ઠાનાં તુ કમ્પતે ॥૭॥

<u>શબ્દાર્થ</u>: તૂલવત્ = આકડાના રૂની જેમ, લઘવ: = હલકા, મૂઢા: = મૂઢ, અવિવેકી, ભ્રમન્તિ = ભમે છે, અભ્રે = આકાશમાં, ભયાનિલૈ: = ભયરૂપી વાયુ વડે, ન = નહિ, એકં = એક, રોમાપિ = રોમ + અપિ રૂંવાડું પણ, તૈ: = તેના વડે, જ્ઞાનગરિષ્ઠાનાં = જ્ઞાન વડે ભારે એવા પુરુષોનું, તુ = પણ, કમ્પતે = ફરકે છે, કંપે છે.

<u>શ્લોકાર્થ</u>: ભયરૂપી વાયુ વડે આકડાના રૂની જેમ હલકા મૂઢ પુરુષો આકાશમાં ભમે છે, પરંતુ જ્ઞાન વડે ભારે એવા પુરુષોનું રૂંવાડું પણ ફરકતું નથી.

<u>ભાવાર્થ</u>: અજ્ઞાની અને જ્ઞાની વચ્ચેનો ફરક એક ઉદાહરણથી ગુરુજી સમજાવે છે. અજ્ઞાની ભયવાન છે અને જ્ઞાની નિર્ભય છે. અજ્ઞાની તુચ્છ છે, હલકો છે એટલે એની સરખામણી આકડાના હલકા રૂ (cotton) સાથે કરવામાં આવે છે. આકડાનું "રૂ" પવનના ઝપાટાથી આમતેમ ઉડે છે અને છેવટે નાશ પામે છે. રૂ હલકું છે અને શક્તિહીન છે. પવનની સામે તે ટકી શકતું નથી.

પરવસ્તુમાં મોહાન્ધ જીવો પરવસ્તુને મેળવવા માટે જ્યાં ત્યાં ભટકે છે. પ્રાપ્ત થયાં પછી તેને સંતાડવા - સાચવવા માટે જ્યાં ત્યાં ભટકે છે. જ્યારે તે વસ્તુ નાશ પામે છે ત્યારે રડે છે. આ રીતે આત્મતત્વના જ્ઞાન વિનાના જીવો પરપદાર્થોની પ્રાપ્તિ માટે ભયરૂપી પવન વડે આકડાના રૂ ની જેમ જ્યાં ત્યાં આકાશમાં ઉડે છે.

જ્ઞાની સદા નિસ્પૃહ હોય છે. કોઈની પાસેથી કશું જ એમને જોઈતું નથી. એટલે એમનો કોઈની ગરજ નથી અને કોઈથી ડરવાનું હોતું નથી. અજ્ઞાનીને અનેક પ્રકારના ભૌતિક સુખોની આકાંક્ષા રહે છે. એટલા માટે જ્યાં ત્યાં ભટકતા રહે છે અને ફૂટબોલની જેમ હલાતો જાય છે.

મુનિ આત્મસ્વરૂપના જ્ઞાનથી ભારે છે એટલે પવન તેમને ઉડાડી શકતો નથી. કારણકે તેઓ પરપદાર્થથી નિસ્પૃહ છે. માટે ભયરૂપી પવન વડે તેમનું એક રૂંવાડું ફરકતું નથી એટલેકે તેમના એક અધ્યવસાયને પણ બદલાવી શકાતો નથી.

ચિત્તે પરિણતં યસ્ય, ચારિત્રમકુતોભયમ્
અખંડજ્ઞાનરાજ્યસ્ય, તસ્ય સાધોઃ કુતો ભયમ્ ॥૯॥

<u>શબ્દાર્થ</u>: ચિત્તે = ચિત્તમાં, પરિણતં = પરિણમેલું, યસ્ય = જેના, ચારિત્રં = ચારિત્ર, અકુતોભયમ્ = જેને કોઈથી ભય નથી, અખંડજ્ઞાનરાજ્યસ્ય = અખંડ જ્ઞાનરૂપી રાજ્યવાળા, તસ્ય = તે, સાધોઃ = સાધુને, કુતઃ = ક્યાંથી, ભયં = ભય હોય

<u>શ્લોકાર્થ</u>: જેને કોઈથી ભય નથી એવું ચારિત્ર જેના ચિત્તમાં પરિણમેલું છે એવા અખંડ જ્ઞાનરૂપ રાજ્યવાળા સાધુને કોનાથી ભય હોય?

<u>ભાવાર્થ</u>: અહીં મુનિ ભગવંતની સાધનાની બે મહત્ત્વની વાત કરવામાં આવી છે. (૧) નિર્ભય ચારિત્ર અને (૨) અખંડ જ્ઞાનરૂપી રાજ્ય
સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ રત્નત્રયીથી મોક્ષ છે. દર્શન અને જ્ઞાનને એકરૂપ ગણીને જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ છે એમ પણ કહેવામાં આવે છે. ત્યાં મોક્ષ અપાવે એવી જ્ઞાન અને ક્રિયાની (અર્થાત્ ચારિત્રની) સાધના જે મુનિમાં પરિણમેલી હોય એને કોઈના તરફથી ભય ન હોઈ શકે, એવા મુનિ મહાત્માઓ સદા નિર્ભય હોય છે.

ટૂંકમાં કહીએ તો, જે મુનિ નિર્ગ્રંથ છે, રાગ-દ્વેષની ગાંઠને છેદીને જેણે કષાયો નબળા કર્યા છે, કષાયોની તીવ્રતા છેદીને અતિશય અલ્પ-રસવાળા કર્યા છે તેવા નિર્ગ્રંથ મુનિને ભય ક્યાંથી હોય? આત્માના સ્વરૂપમાં જ સ્થિરતા — સ્વભાવદશાની જ લગની લાગવી, જ્ઞાનાદિ આત્મગુણોમાં જ રમણતા કરવી, ચેતનાગુણ, વીર્યગુણ, સુખગુણ, દર્શનગુણ વગેરે સર્વ આત્મગુણોમાં જ લીનતારૂપ ચારિત્ર જેના ચિત્તમાં પરિણામ પામ્યું છે તેવા મહાત્મા પુરુષોને ભય ક્યાંથી હોય? એટલે કે તેઓ નિર્ભય હોય છે.